**આંક– ૧૩**

**શ્રીમતી રઝિયા સલીમખાન પઠાણ, પ્રમુખ અધિકારી, ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદ સમક્ષ.**

**એપ્રુવલ અરજી નં. ૨૬૭/૨૦૨૪**
**ઈન**
**રેફરન્સ (આઈ.ટી.) નં. ૭૨/૨૦૨૦**

**અરજદાર** : વિભાગીય નિયામકશ્રી
ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ,
પાલનપુર વિભાગ.

**વિરૂધ્ધ**

**સામાવાળા** : શ્રી નરેંદ્રકુમાર મહેશદાન આઢા,
હોદો– ક્લાર્ક (કાયમી),વિભાગીય યંત્રાલય પાલનપુર
રહેવાસી :–ઘર નંબર ૪૪ દેવર્ષી બંગલોજ,
આકેસણ રોડ ફાટક બહાર,
મુ. પો. તા.પાલનપુર, જી.બનાસકાંઠા,
પીન–૩૮૫૦૦૧.

**<u>હાજર રહયા:–</u>**

અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી એચ.સી. નાયડુ.
સામાવાળા તરફે : ગેરહાજર.

**બાબત:–**<u>ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(૨)(બી) અન્વયેની અરજી.</u>

**-: ચુકા દો :-**

**૧.** અરજદારે હાલની અરજી ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ (કે જેને હવે પછીથી ટુંકમાં ''આઈ.ડી. એકટ'' તરીકે ઉલ્લેખેલ છે) ની કલમ–૩૩ (૨)(બી) ની જોગવાઈ મુજબ સામાવાળા વિરૂધ્ધ દાખલ કરી સામાવાળાને નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને બહાલી આપવા અરજ ગુજારેલ છે.

**૨.** અરજદારની અરજીની ટુંકી હકીકત એવી છે કે, અરજદારની સંસ્થામા સામાવાળા કલાર્ક તરીકે વિભાગીય યંત્રાલય પાલનપુર ખાતે નોકરી કરે છે. અરજદારે સામાવાળાને તહોમતપત્ર નંબર ૧૫/૨૦૨૪ તા.૨૧/૦૩/૨૦૨૪ થી આપેલ છે ઉપરોક્ત તહોમતપત્ર અન્વયે સામાવાળા સામે ખાતાકીય તપાસ કરવામાં આવેલી. જે તપાસ કાયદેસરની,સેવાકીય નિયમો અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસારની હતી અને તે બાબતમાં સામાવાળા સામે ગેરહાજરી બાબતમાં તા.૪/૧૦/૨૦૨૪ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. આ બાબતમાં સામાવાળાએ જવાબ રજુ કરેલ નથી. જે ધ્યાને લઈ સામાવાળા સામે તા.૨૨/૧૦/૨૦૨૪ નો બરતરફ (ડીસમીસ) ફરજ પરથી દુર ( રીમુવ ફ્રોમ સર્વિસ) કરવાનો હુકમ પસાર કરવામાં આવેલ. વધુમાં જણાવેલ છે કે સામાવાળા સામે કરવામાં આવેલ ઉપરોક્ત હુકમ ન્યાયી, વ્યાજબી અને કાયદેસરનો છે અને તે હુકમ તેઓની સામે કુદરતી ન્યાયના સિધ્ધાંતોના નિયમાનુસાર અને રોવાકીય નિયમોનુસાર તપાસ બાદ કરવામાં આવેલ છે. ઉપરોક્ત તપાસની કાર્યવાહીના તમામ કાગળો આ સાથે જુદા લીસ્ટથી સામેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ઔધોગિક ન્યાયપંચ સમક્ષ રેફરન્સ (આઇ.ટી.) નં. ૭૨/૨૦૨૦ સુનાવણી માટે પડતર છે અને સામાવાળા તે કાર્યવાહીમાં સંબંધિત કામદાર છે અને જેથી આ અરજી

ઔધોગિક વિવાદ ધારાની કલમ ૩૩ (૨)(બી) અન્વયે સંમતિ મેળવવા કરવાની જરુર પડેલ છે. વધુમાં જણાવેલ છે કે સામાવાળાને બરતરફ કરવાના હુકમ સમયે કલમ ૩૩(૨)(બી) અન્વયે એક માસના પગારની રકમ આપવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે સામાવાળા સામે ઉપર જણાવ્યા મુજબ અરજદારે લીધેલ છુટા/બરતરફ કરવાનું પગલું ન્યાયી, વ્યાજબી અને કાયદેસરનું હોય તે સંમતિ મેળવવા માટે પાત્ર છે.

વધુમાં જણાવેલ છે કે, સામાવાળા સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસ કાયદેસરની અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસારની છે. આમ છતાં પણ કોઈપણ સંજોગોમાં નામદાર ટ્રીબ્યુનલ એવા નિર્ણય પર આવે કે તપાસ કાયદેસરની નથી અને અથવા ક્ષતિપૂર્વક છે તેવા સંજોગોમાં અરજદારે સામાવાળા સામે આપવામાં આવેલ તહોમત અંગે ઔધોગીક ટ્રીબ્યુનલ સમક્ષ યોગ્ય પુરાવા લઈ તે પુરવાર કરવા માંગે છે તો આવા સંજોગોમાં તે બાબતમાં પરવાનગી આપવા વિનંતી કરેલ છે

અરજદાર તરફે આંક-૨ ના લીસ્ટથી રીપોર્ટની નકલ, અરજદાર તરફથી સામાવાળાને આપેલ તહોમતપત્રની નકલ, સામાવાળાને આપેલ રૂબરૂ સુનવણીના પત્રો, યોગ્ય સત્તાધિકારી તરફથી કરવામાં આવેલ રૂબરૂ સુનવણી, અરજદાર તરફથી સામાવાળાને આપેલ કારણદર્શકની નકલ, સામાવાળાનું ગુન્હા પત્રક, આખરી નિર્ણય, બરતરફ (ડીસમીસ) હુકમ, આર.પી.એ.ડી તેમજ મનીઓર્ડર સ્લીપ રજુ થયેલ છે.

૩. સામાવાળાને ધોરણસરની જવાબ-સુનાવણીની નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. સામાવાળાને નોટીસની બજવણી થતી ન હોઈ અરજદાર તરફે આંક-પ થી હાથોહાથ નોટીસની બજવણી કરવા

અરજી કરવામાં આવેલ. જે મંજુર થતા રૂબરૂ બજવણી માટે નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. અરજદાર તરફે આંક–૬ થી હાથોહાથ બજવણી કરેલ નોટીસને આંકે પાડવા અરજી કરવામાં આવેલ. જે મંજુર કરી સદર બજવણી થયેલ નોટીસને આંક–૭ આપવામાં આવેલ. નોટીસ બજવા છતાં, સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા કે જવાબ રજુ કરવામાં ન આવતા આંક–૮ ની અરજી ઉપર હુકમ કરી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૪.** અરજદાર તરફે આંક–૯ થી શ્રી વિનુભાઈ શંકરભાઈ ચૌધરી, ડી.ટી.ઓ.શ્રી, પાલનપુર વિભાગનાઓનું સોગંદનામું રજુ થયેલ છે. સામાવાળા તરફે ઉલટતપાસ કરવા કોઈ હાજર ન રહેતા આંક–૧૦ ની અરજી ઉપર હુકમ સામાવાળાનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૫.** અરજદાર તરફે આંક–૧૧ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ છે. સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા કે કોઈ સાક્ષી પુરાવા રજુ કરવામાં ન આવતા આંક–૧૨ ની અરજી ઉપર હુકમ કરી સામાવાળાનો સાક્ષી–પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૬.** આ કામના અરજદારના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી, સામાવાળા તરફે કોઈ હાજર ન રહે તા આ કામ ન્યાયના હિતમાં હુકમ ઉપર લેવામાં આવેલ છે.

**૭.** સામાવાળા તરફે કોઈ હાજર રહેલ નથી કે અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ નથી. અરજદાર સાક્ષીની ઉલટતપાસ પણ કરવામાં આવેલ નથી.

ઉપરોક્ત સંજોગોમાં સામાવાળા ધ્વારા અરજદારની અરજીની હકીક્તોને પડકારવામાં આવેલ ન હોય કે સાક્ષીની ઉલટતપાસ કરવામાં આવેલ ન હોઈ, અરજદારે અરજીમાં જણાવેલ હકીકતો તેમજ અરજદાર સાક્ષીએ સોગંદનામામાં જણાવેલ હકીક્તો ન માનવાને કોઈ કારણ રહેતું નથી. અરજદારની અરજીની હકીકતો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં અરજદારે સામાવાળા શ્રમયોગીને નોકરીમાંથી બરતરફીના હુકમ સમયે ધી આઈ.ડી.એકટની કલમ-૩૩(૨)(બી)ની આજ્ઞાત્મક જોગવાઈઓનું અક્ષરસહ પાલન કરેલ હોવાનું પ્રથમ દ્દષ્ટિએ જણાઈ આવતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે .

**-:: હુ ક મ ::-**

(૧) અરજદારની એપ્રુવલ અરજી નં. ૨૬૭/૨૦૨૪ મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારના સામાવાળા શ્રમયોગીને નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને આથી બહાલી આપવામાં આવે છે.

સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૯-૦૪-૨૦૨૬

**(રઝિયા સલીમખાન પઠાણ)**
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૭૭૧

એસ.જી.રામાણી